સાબરકાંઠા-અરવલ્લીમાં તાપમાનનો પારો ૩૬ ડિગ્રીને આંબ્યો.....

લમણા શેકતી ગરમીથી ખેડુતો-ખેતમજૂરો ત્રાહિમામ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

સાબરકાંઠા-અરવલ્લીમાં લમણા શેકતી ગરમી શરૂ થઈ છે. શુક્રવારે જિલ્લાના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૩૬



ડિગ્રીને આંબ્યો હતો જેના કારણે બપોર થતાં ગ્રામ્ય વિસ્તારો અને બજારો સૂમસામ ભાસી રહ્યા છે. આગામી ૫ દિવસમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને ઓળંગી જાય તેવી સંભાવના છે. લમણા શેકતી ગરમીથી બટાટા કાઢતા ખેડુતો અને શ્રમજીવી ખેતમજૂરો ત્રાહિમામ થઈ રહ્યાનું જાણવા મળી રહ્યું છે. આજ રીતે તાપમાનનો પારો ઉંચકાતો રહે તો આગામી એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને આંબી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં જ્યાં નજર કરો ત્યાં પાણીના દેખીતા સ્ત્રોત અદૃશ્ય જોવા મળી રહ્યા છે. તળાવો ખાલીખમ થઈ જતાં રાજ્ય સરકારે સુજલામ્-સુફલામ્ યોજનાથી તળાવો ઉંડા કરવા માટેનો એક્શન પ્લાન અત્યારથી અમલી બનાવ્યો છે. તળાવો ઉંડા થાય તો આવનારા ચોમાસા દરમ્યાન વધુ પાણી સંગ્રહિત કરી જળભંડાર વધુ સમૃદ્ધ બનાવવાની સરકારની નેમ છે. પરંતુ આગામી ઉનાળો કેવી રીતે કાઢવો તે વહિવટી તંત્ર માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે. જિલ્લામાં પાછલા ૩ દિવસથી કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. આગામી સપ્તાહ પછી ડામરના રોડ ઓગળવા લાગે તે પ્રકારની સ્થિતિ પેદા થઈ શકે છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શહેરી વિસ્તારો કરતા તાપમાનનો પારો ૨ થી ૩ ડિગ્રી વધુ જણાઈ રહ્યો છે. જિલ્લામાં તળાવો ભરવાની યોજનામાં હાલ કોઈ પ્રગતિ દેખાતી નથી જેથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૯૫ ટકા તળાવો ખાલી છે. ઉનાળુ ખેતી માટે જળાશયોમાં પાણી સીમીત હોવાથી સિંચાઈનો લાભ મળવાની સંભાવના ધૂધળી જણાઈ રહી છે. આ સંજોગોમાં આકાશમાંથી અગનગોળા વછૂટે તે સમયે ખેડુતોની હાલત વધુ કફોડી બનશે અને પાણીની દેખીતી અછતના કારણે ઉનાળુ વાવેતરનો વિસ્તાર ઘટે તેવી સંભાવના પ્રબળ બની છે.

પ્રાંતિજની સંસ્કાર વિદ્યાલયમાં સુરક્ષા સેતુ રથ થકી સાયબર ક્રાઈમ તથા પૉસ્કો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યું

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ સંસ્કાર વિધાલય મા સુરક્ષા સેતુ રથ થકી સાયબર ક્રાઈમ તથા પોસ્કો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમા શાળા ના વિધાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ. ઓનલાઈન શિક્ષણના આજના યુગમાં મોબાઈલ મોટેરાઓના જ હાથમાં નહીં પરંતું હવે, બાળકો માટે પણ હાથવગો થઈ ગયો છે. ત્યારે મોબાઈલ પાછળ ઘેલા થતાં કિશોર-કિશોરીઓ દ્વારા ગેઈમ કે અન્ય ઈન્સ્ટાગ્રામ , ફેસબુકનો વિવેક વિનાનો ઉપયોગ બાળકોની સલામતી માટે ભયજનક સાબિત થાય છે. ત્યારે ભણતાં બાળકોને માત્ર ને માત્ર ભણવા માટે જ મોબાઈલનો ઉપયોગ કરવા વિધાર્થીઓને હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.સુલતાના એ. વ્હોરાએ શીખ આપી હતી. પ્રાંતિજની સંસ્કાર વિધાલય ખાતે સુરક્ષા સેતુનો જાગૃતિ રથ આવી પહોંચ્યો હતો. જયાં શાળામાં ભણતાં બાળકોને પ્રાંતિજ વ્હોરા સમાજની દિકરી એવી પો.સ.ઈ. એસ.એ. વ્હોરાએ બાળકોને લગતાં જાતિય સતામણી-પોસ્કોના કાયદાની સમજ આપી હતી.તો હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના જયવરસિહે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક/ સોશ્યલ મીડિયાના ઉપયોગ થકી કિશોરીઓની સતામણી કે બાળકોના અપહરણના ગુના બનતાં હોય છે.તે અટકાવવા માટે શું જાગૃતિ દાખવવી જોઈએ તેની બાળકોને સમજ આપી હતી.તો સુરક્ષા સેતુ સોસાયટી-સાબરકાંઠાના કો ઓર્ડીનેટર જયદીપ ચમારે બાળકોએ પોતાની સુરક્ષા માટે કેવી રીતે સજાગ રહેવું તેની અસરકારક સમજ આપી હતી.સંસ્કાર વિધાલયના પ્રાર્થના હોલમાં યોજાયેલા આ લોકજાગૃતિના કાર્યક્રમમાં શાળાના આચાર્ય અબ્દુલ્લા વ્હોરા તથા શાળાની શિક્ષિકા બહેનો એ સુંદર આયોજન કર્યું હતું.શાળા દ્વારા કરાયેલ સુંદર વ્યવસ્થાની પ્રસંશા કરી સુરક્ષા સેતુ રથનાં કર્મીઓએ આભારની લાગણી વ્યકત કરી હતી.

સાબરકાંઠા-અરવલ્લીમાં બોગસ નળ કનેક્શનનો રાફડો : પાણી પ્રશ્ને હોબાળો મચવાની આશંકા

૧૮ હજારથી પણ વધુ બોગસ નળ કનેક્શન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતના સત્તાધીશો ઉંઘતા રહેતાં બોગસ નળ કનેક્શનોનો રાફડો ફાટ્યો છે. જિલ્લાના ૧૪૭૦ ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજીત ૧૮ હજારથી પણ વધુ નળ કનેક્શન હોવાની આશંકા સેવાઈ રહી છે મત મેળવવાની રાજનીતીમાં પંચાયતના ચોપડે કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી વિના નળ કનેક્શનો અપાતાં ખાસ કરીને ઉનાળા દરમ્યાન ધીમા પ્રેશરની ફરિયાદો ઉઠવા પામી છે. જિલ્લા પંચાયત વહીવટી તંત્ર પાસે પણ બોગસ નળ કનેક્શનો શોધી કાઢવા માટે કોઈ અધિકાર ન હોવાથી સ્થાનિક ગ્રામ પંચાયતોના સરપંચ અને તલાટી જ આ સમસ્યાનો અંત લાવી શકે તેવું દેખાઈ રહ્યું છે. ટૂંકમાં ઉનાળો શરૂ થતાં પાણી પ્રશ્ને ગામે ગામ હોબાળા મચવાની દહેશત વ્યક્ત કરાઈ રહી છે. ભૂતકાળમાં બોગસ નળ કનેક્શન બાબતે ફરિયાદો કરાઈ હોવા છતાં કોઈ પગલાં ન ભરાતાં હોવાનો આક્રોશ કેટલાક ગામોમાંથી જોવા મળી રહ્યો છે તો કેટલાક ગામોમાં નળ કનેક્શન અપાયું છે પરંતુ પાણીનું કોઈ મૂલ્ય જ ન હોય તેમ અનેક રહીશોએ નળ કનેક્શન ઉપર ચકલી મૂકાવી ન હોવાથી પાણીનો મોટા પાયે બગાડ થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે.

જિલ્લાની જૂથ પાણી પુરવઠા યોજનાઓ મારફતે જિલ્લાના ૧૦૦૦ થી વધુ ગામડાઓને પીવા માટેનું પાણી પુરૂ પાડવામાં આવે છે પરંતુ અનેક ગામડાઓ અને ગ્રામ પંચાયતોને પાછલા એક દશકાથી નાદારી નોંધાવી હોય તેમ બાકી નિકળતાં નાણાં ભરપાઈ ન કરાતાં જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા વારંવાર પાણી બંધ કરી દેવાની ધમકી આપવામાં આવે છે પરંતુ તંત્ર સામે તે પણ લાચાર બની કામ કરી રહે છે. જૂથ પાણી પુરવઠા યોજનાની પાઈપ લાઈનોમાંથી પણ પાણી ચોરાતું હોવાની ગંભીર ફરિયાદો ગાબટ-સાઠંબા, આમોદરા જૂથ પાણી પુરવઠા યોજનામાં ઉભી થવા પામી હતી. જો કે તેમાંથી કોઈ તથ્ય બહાર આવ્યું નથી. જ્યારે જિલ્લાની ૭૦૭ ગ્રામ પંચાયતોના ૧૪૭૦ જેટલા ગામડાઓમાં એક ગામ દીઠ સરેરાશ ૧૫થી વધુ ગેરકાયદે જોડાણ અપાયા હોય તો પણ આ આંકડો ગેરકાયદે નળ જોડાણની ફરિયાદને આંબી જાય તેમ છે. ઉનાળો આવતાં જ ફલાણાનું ગેરકાયદેસર કનેક્શન છે, ફલાણાને ઢોર બાંધવાના વાડામાં પણ પાણી માટેનું કનેક્શન આપી દેવાયું છે તેવી ગંભીર ફરિયાદો ઉઠતી હોય છે પરંતુ ગ્રામ પંચાયતમાં આંતરીક સબંધો ઉપર રાજકારણ અવલંબિત હોવાથી કોઈ પગલાં ભરાતાં નથી અને પગલાં ભરવામાં આવે તો પણ સમજાવટથી અરજીઓ પાછી ખેંચી લેવાતી હોય છે અનેક ગામોમાં પંચાયતના દફતરે માંડ ૫૦૦ નળ કનેક્શન બોલતા હોય પરંતુ ચકાસણી કરવામાં આવે તો આ આંકડો ૭૦૦ને પાર કરી જતો હોય છે. ટૂંકમાં ઉત્તર ગુજરાતમાં પાણી પુરવઠા તંત્ર દ્વારા મીટરથી પાણી આપવાની યોજના બનાવી રહ્યું છે. જિલ્લામાં પાણીનું મૂલ્ય પ્રજા સમજતી ન હોવાથી પીવાના પાણીના નળ નીચે જ પ્રજા સ્નાન કરતી અને કપડાં ધોતી જોવા મળી રહી છે. ટૂંકમાં ગેરકાયદે નળ કનેક્શનો ઉપર તવાઈ લાવવાનો હવે સમય પાકી ગયાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે. જ્યારે પંચાયત સત્તાધીશો પાસે પણ બોગસ નળ કનેક્શનોની માહિતી જ ન હોવાથી પાણી વેરો ભરતા રહીશોને અન્યાય થઈ રહ્યો છે. જિલ્લામાં ફળીયે..ફળીયે બોગસ નળ કનેક્શનની પાઈપો ભૂગર્ભમાં ગોઠવાઈ જતાં કેટલાક વિસ્તારોમાં તો પ્રજાને પૂરતુ પાણી પણ મળી શકતું નથી. જિલ્લામાં બોગસ રીતે નળ કનેક્શન મેળવી લેવું તે એક પ્રથા પડી ગઈ હોવાથી દિવસે દિવસે ગ્રામ્ય વિસ્તારોમાં બોગસ નળ કનેક્શનો વધતાં જાય છે જ્યારે પાણીની મુખ્ય પાઈપ લાઈનો બાબા આદમ વખતની હોવાથી પ્રજાને પૂરતા પ્રેશરથી પણ પાણી મળી શકતું નથી. જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો વગદાર વ્યક્તિઓએ વારીગૃહની મુખ્ય પાણીની પાઈપ લાઈનમાંથી જ સીધાં બોગસ નળ જોડાણ મેળવી લીધાં છે જ્યારે આમ પ્રજાને પાણીની સમસ્યા સતાવી રહી છે. જિલ્લામાં બોગસ નળ કનેક્શનોને કારણે ગ્રામ્ય પ્રજાને પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી અને હવે કારમા ઉનાળામાં પાણી માટે પાણીપત સર્જાય તેવી સ્થિતિ ઉભી થવા જઈ રહી છે ત્યારે પંચાયતના સત્તાધીશો આળસ ખંખેરી બોગસ નળ કનેક્શનો દુર કરાવે તે જરૂરી બની રહ્યું છે.

ડીસા મામલતદાર કચેરીના અધિકારી-કર્મચારીઓ માસ સીએલ ઉપર ઉતર્યા

ડીસા, તા. ૪

ભરૂચના સાંસદ મનસુખ વસાવા સામેના આંદોલનને મહેસુલી કર્મચારીઓએ વેગવંતી બનાવી દીધૂ છે. કરજણના મામલતદાર સાથે અશોભનીય વર્તનને લઈ ચર્ચામાં આવેલા મનસુખ વસાવા માફી માંગે તેવી માંગ સાથે છેલ્લા બે દિવસથી રાજ્યના તમામ મામલતદાર અને મહેસુલી કર્મચારીઓ વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે ડીસા મામલતદાર કચેરીના કર્મચારીઓ ફરજ પર પણ કાળી પટ્ટી ધારણ કરી હતી અને આજે કામકાજથી અળગા રહ્યા હતા ત્યારે સતત બીજા દિવસે ?ડીસામાં મહેસુલ વિભાગ દ્વારા આજ રોજ કચેરીઓ બંધ રાખી સાંસદ મનસુખ વસાવા સામે વિરોધ નોંધાવામાં આવ્યો હતો.

કરજણના મામલતદાર સાથે કરેલા અશોભનીય વર્તનને લઈ સાંસદ દ્વારા માફી માંગવામાં આવે તેવી માંગ સાથે આજ રોજ ડીસા મહેસુલ વિભાગના અધિકારી-કર્મચારીઓએ માસ સીએલ પર ઉતરી જઈ કામકાજથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો.ત્યારે રોજબરોજ અરજદારોથી ધમધમતી મામલતદાર કચેરી આજે સુમસામ જોવા મળી હતી. મહત્વનું છે કે, ભરૂચના સાંસદ મનસુખ વસાવા સામેના આંદોલનને મહેસુલી કર્મચારીઓએ વેગવંતુ બનાવી દીધું છે. કરજણના મામલતદાર સાથે અશોભનીય વર્તનને લઈ ચર્ચામાં આવેલા મનસુખ વસાવા માફી માંગે તેવી માંગ સાથે છેલ્લા બે દિવસથી રાજ્યના તમામ મામલતદાર અને મહેસુલી કર્મચારીઓ વિરોધ નોંધાવી રહ્યા છે.

મોડાસા : નગરપાલિકા ફાયર વિભાગ ભરતી પૈસાની લેતીદેતીની આક્ષેપ વચ્ચે નગરપાલિકાએ પુન : પરીક્ષા યોજવા માટે ઠરાવ કર્યો

મોડાસા, તા. ૪

મોડાસા નગરપાલિકા ફાયર વિભાગની તાજેતરમાં યોજાયેલ ભરતી પ્રક્રિયામાં લાખ્ખો રૂપિયાની લેતીદેતી થઇ હોવાના અનેક આક્ષેપ થતા નગરપાલિકાની ભરતી પ્રક્રિયામાં ભ્રષ્ટાચારનું ગ્રહણ લાગતા પાલીકા પ્રમુખ જલ્પાબેન ભાવસારે ગાંધીનગર કમિશનર કચેરી ખાતે લેખિતમાં જાણ કરી મોડાસા ફાયર વિભાગની ભરતી માટે લેવાયેલ પરીક્ષા રદ કરી નવેસરથી પરીક્ષા લેવામાં આવે તેવી માંગ કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું ત્યારે ફાયર વિભાગની પરીક્ષા રદ કરવા અને પુનઃ પરીક્ષા યોજવા પાલિકાની પ્રસંદગી કમિટી દ્વારા પ્રાદેશિક કમિશનર કચેરીએ ઠરાવ કરી મોકલી આપવમાં આવતા રૂપિયા આપી નોકરી મેળવવા માંગતા ઉમેદવારો અને ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ ફેલાયો છે

મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પા બેન ભાવસારએ આ અંગે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે મોડાસા નગર પાલિકામાં ફાયર વિભાગનું મહેકમ મંજુર થયેલ છે જેમાં બીજા તબક્કાની પરીક્ષા બે માસ અગાઉ યોજાઈ હતી જેનું પરિણામ પાલિકાને બંધ કવરમાં મળેલ હતું પરંતુ વચેટીયા ઈસમો દ્વારા ઉમેદવારો પાસે રૂપિયાની માગણી થઈ હોવાનું જે તે સમયે પાલિકાના પ્રમુખને ધ્યાને આવતા વડી કચેરીએ લેખિત માં જાણ કરવામાં આવી હતી ઉમેદવારો ને આર્થિક નુકશાન અને પાલિકાની છબી ન ખરડાઈ તે હેતુ થી પાલિકાની પ્રસંદગી કમિટી દ્વારા પરીક્ષા રદ કરી પુનઃ પરીક્ષા યોજવા પ્રાદેશિક કમિશનર કચેરીએ ઠરાવ કરી મોકલી આપ્યો છે

અરવલ્લી : વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ભંગાણ સર્જાશે...!!

ટિકિટ માટે અત્યારથી અનેક મુરતિયા પક્ષ સાથે છેડો ફાડવા તૈયાર

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાની મોડાસા વિધાનસભા બેઠક પર છેલ્લી બે ટર્મથી મોદી લહેર સામે કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર વિજેતા બન્યા હતા ચાલુ વર્ષે યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસ સહીત અન્ય રાજકીય પક્ષે ગતિવિધિઓ તેજ કરી દઈ ઉમેદવારોની પસંદગી માટે મનોમંથન કરી ખાનગી રીતે વિધાનસભા બેઠકો પર સર્વે પણ હાથધર્યા છે ત્યારે મોડાસા વિધાનસભા બેઠક પર કોંગ્રેસ ફરીથી ધારાસભ્ય પદ ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ઠાકોરને રિપીટ કરવાની પ્રબળ સંભાવના હોવાથી અત્યારથી જ ટિકિટવાંછુઓ કોંગ્રેસ માંથી વિદાય લેવાનું મન બનાવી ચુક્યા હોવાનું એક પીઢ કોંગ્રેસી અગ્રણીએ જણાવ્યું હતું છેલ્લા કેટલાક સમયથી અનેક કોંગ્રેસીઓ ભાજપનો ખેસ પહેરી રહ્યા છે અને અનેક અંગત સ્વાર્થ માટે ખેસ ધારણ કરવા થનગની રહ્યા છે બીજીબાજુ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના પડછાયાની માફક ફરતા એક પૂર્વ જીલ્લા પંચાયત સદસ્યએ મોડાસા બેઠક પરથી ટિકિટ માંગવા તૈયારીઓ આદરી દીધી છે અને ટિકિટ નહિ મળે તો અન્ય પક્ષમાં જોડાવાની ચીમકી ઉચ્ચારાતા સ્થાનીક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે

અરવલ્લી જિલ્લાની મોડાસા વિધાનસભા બેઠક પર એક નામની ચર્ચા યથાવત રહેતા અન્ય પાયાના કાર્યકરોમાં પણ નારાજગીના સુર રેલાઈ રહ્યા છે.ત્યારે જેની ગળથુંથીમાં કોંગ્રેસ છે,વડવાઓ એ આખુંય જીવન કોંગ્રેસ ને સમર્પિત કરી લોક સેવા એજ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરનાર એવાજ પરિવાર ના પાયાના કાર્યકર અને ગત અરવલ્લી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યએ કોંગ્રેસ મોવડી મંડળ પાસે મોડાસા વિધાનસભા બેઠક પર ટીકીટ માગશે પક્ષ કદર નહીં કરેતો અન્ય પક્ષમાં સામેલ થઈ એનકેન પ્રકારે ચૂંટણી લડવાનું કોંગ્રેસ નેતા એ મન બનાવી લીધું હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.આ એક એવો ચહેરો છે જેને ભાજપના નેતા ઓ પણ નજીક મિત્રતા કેળવી છે.મતદારો ની મિજાજ જોતા મોડાસા બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ માટે મતદારોને રીઝવવા લોઢાના ચણા ચાવવા જેવી વાત છે ત્યારે આવા નેતા અપક્ષ કે અન્ય પક્ષ માંથી વિધાનસભા બેઠક પર ઝંપલાવશે તો ચોક્કસ બે ની લડાઈમાં ત્રીજો ફાવે તો નવાઈ નહીં? પરંતુ કોંગ્રેસ બાર સંધાય ને તેર તૂટે તેવો ઘાટ હાલ સર્જાયો હોવાની પણ લોક વાયકાએ જોર પકડ્યું છે.

જન્મદિને વધામણી

વર્ષાબેન વિશાલભાઈ દરજી
બી-૫૧, ગિરિરાજ સોસાયટી
બાયડ જિ. અરવલ્લી

હિતેષ જે પટેલ

સુભાષભાઈ એન પટેલ

આસ્થા પટેલ

બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મફીબેન મકવાણા બન્યા

પાલનપુર તા.૪

બનાસકાંઠા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસમાંથી મફીબેન મકવાણાએ ભાજપના અશ્વિન સકસેના ને હાર આપતા તેમને વિજેતા જાહેર કરાયા હતા. કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જીલ્લા પંચાયતમા ઉપ-પ્રમુખની ચૂંટણી એકમાત્ર મફીબેન બચુજી મકવાણાને મેન્ડેટ આપાતા તેઓએ જીત મેળવી હતી. જેને લઈ જિલ્લા પંચાયત પ્રમુખ વારકીબેન તેમજ પૂર્વ પ્રમુખ પીનલબેન એ નવનિયુક્ત પ્રમુખને શુભકામનાઓ પાઠવી હતી.

યુક્રેનને બાય બાય : પાલનપુરમાં ૪ અને દિયોદરમાં ૨ વિદ્યાર્થીઓ વતન પરત ફર્યા

પાલનપુરનો સ્મિત ભીલ આવતા જ ઢોલનગારાથી સ્વાગત, કહ્યું જીવ જોખમમાં મૂકી બે બસોની વચ્ચેની જગ્યામાં દોડી બોર્ડર પાર કરી..!

પાલનપુર તા. ૪

બનાસકાંઠા જિલ્લાના વધુ છ છાત્રો યુક્રેન થી સંઘર્ષો સહન કર્યા બાદ હેમખેમ વતન પરત પહોંચ્યા છે. પાલનપુર ડિઝાસ્ટર વિભાગ ના નાયબ મામલતદારએ અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ઓપરેશન ગંગા હેઠળ યુક્રેનથી ભારત સરકારના પ્રયાસોથી બાળકોને વતન સુધી સહી સલામત મુકવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી પાલનપુરના ૯ છાત્રો ઘરે પહોંચી ગયા છે જ્યારે અન્ય બાળકો ૪-૫ દિવસમાં પહોંચી જાય તેવી શક્યતા છે. એક માત્ર પાલનપુરનો છાત્ર હાલમાં ખાર્કીવમાં બંકરમાં ફસાયેલો છે. અને તેના પરિવારજનો સતત

ચિંતા વ્યકત કરી રહ્યા છે.'પાલનપુર આવેલા સ્મિત ભીલનું બ્રાહ્મણ વાસ વિસ્તારના લોકો તેમજ પરિવારજનો એ હર્ષોલ્લાસભેર ઢોલ નગારા સાથે સ્વાગત કર્યું હતું સ્મિતને અમદાવાદ લેવા માટે અન્ય સગા વાલા ગયા હતા ઘરે આવતા જ સ્મિત માતા-પિતાને ભેટીને રડ્યો હતો. અને ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. ગાંધીનગર સમાચાર સાથેની સાથેની વાતચીતમાં સ્મિતએ જણાવ્યું હતું કે,અન્ય બાકી બાળકો જે રીતે આવ્યા તે જ રીતે અમે પણ રોમાનિયા બોર્ડર પહોંચ્યા હતા પરંતુ બે થી ત્રણ હજાર છાત્રો ઉભા હોવાથી અમારો નંબર ક્યારે આવશે તે ચિંતા હતી જેથી અમે છ છાત્રોએ જોખમ ખેડવાનું નક્કી કર્યું હતું. અને જે વોલ્વો પસાર થઈ રહી હતી તેની વચ્ચેની ખાલી સાંકડી જગ્યામાં એક બીજાની બેગ પકડીને બસની સાથે દોડવાનું નક્કી કર્યું હતું જેમાં સૌથી છેલ્લે બે મિત્રોનો સાથ છૂટી ગયો હતો અને ત્યાં જ રહી ગયા હતા. દિલ્હી ઉતર્યા બાદ ટ્રેનની વ્યવસ્થા હતી પરંતુ લાંબી મુસાફરી ન કરવા અમે અમારા જ ખર્ચે ડોમેસ્ટિક ફ્લાઈટમાં બેસી અમદાવાદ ઉતરી ગયા હતા જ્યાં મામા લેવા આવ્યા હતા ઘરે આવી હાશકારો થયો હતો.

દિયોદરનો પિયુષ માઇનસ ૩ ડીગ્રી ઠંડીમાં ૫૫ કિલોમીટર ચાલ્યો

દિયોદરના રૈયાનો પિયુષ રાયમલભાઈ ચૌધરી છેલ્લા ૪ વર્ષથી ત્યા હતો. ૨૬ ફેબ્રુ.એ બસમાં બોર્ડર પર ભાડે ભીડ હોવાથી વિધાર્થીઓ ઉતરી ગયા હતા અને ૫૫ કિમિ ચાલતા વિધાર્થીઓ પોલેન્ડ બોર્ડર પોહચ્યા હતા. જેમાં માઇનસ ૩ ડીગ્રી તાપમાન વચ્ચે રાત વિતાવી હતી જેમાં પિયુષ પરત ન ફરતા અને બોર્ડર પર ફસાઈ જતા પરિવારજનો પણ ચિંતા માં મૂકાયા હતા જેમાં ભારત સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે વિધાર્થીઓ ને પરત લાવવા માટે મિશન ગંગા શરૂ કરતાં પિયુષ ચૌધરી પણ પોતાના ગામ રૈયા પરત ફરતા પરિવારજનો ભાવુક બન્યા હતા પિયુષ એ જણાવેલ કે માઈનસ ૩ ડીગ્રી તાપમાન વચ્ચે દિવસ અને રાત પસાર કરી છે.

પાલનપુરનો તક્ષ મોદી અમદાવાદમાં દાદી પાસે જ રહ્યો

અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલા દક્ષ મોદીએ પાલનપુર આવવાના બદલે પોતાની દાદી પાસે રહેવાનું વધુ મુનાસીબ માન્યું હતું. પરિવારજનોએ જણાવ્યું હતું કે દાદી ને વધુ પડતી ચિંતા હોવાથી દક્ષ ત્યાં રહ્યો છે.

પાલનપુર પરત આવેલા વિદ્યાર્થીઓના નામ

● મોદી તક્ષ હરેશકુમાર પાલનપુર ● ભીલ સ્મિતકુમાર કનૈયાલાલ પાલનપુર ● સાચોરા મહંમદતોહીદ મહંમદસાદ પાલનપુર ● ડાભી ઉર્વજસિંહ પ્રહલાદસિંહ, અંધારિયા ● ચૌધરી પિયુષ રાયમલભાઈ દિયોદર ● ચૌહાણ ભાવિક કાંતિલાલ દિયોદર